# પ્રસ્તાવિત બંધારણ - ૨૦૧૮
# (સુધારાને આધીન)

## શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન બંધારણ

| | | |
|---|---|---|
| (૧) સંસ્થાનું નામ | : | **શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન** |
| (૨) મહાજન કાર્યાલય | : | મહાજનનું મુખ્ય કાર્યાલય શ્રી પરિમલ II ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૭, મુંબઈમાં રહેશે. તેમજ પ્રમુખ શ્રીની અનુકુળતા અનુસાર અન્ય કાર્યવાહક કાર્યાલયની વ્યવસ્થા કરી શકાશે, સ્થાનિક કાર્યાલય લાકડિયા મુકામે રહેશે. |

### (૩) શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના ઉદ્દેશો

(૧) જરૂરીયાતમંદ લોકો માટે તબિબિ રાહત ના તમામ કાર્યો કરવા, સારવાર કેન્દ્રો ખોલવા ચલાવવા તથા નિભાવવા. દર્દીઓને દવા તથા સારવાર માટે આર્થિક તથા અન્ય તમામ પ્રકારે સહાય આપવી. આ માટે હોસ્પિટલો, આરોગ્ય ધામો, સારવાર કેન્દ્રો, ચિકિત્સાલયો, દવાખાના તથા અન્ય સારવાર કેન્દ્રો ખોલવા તથા આવા કાર્યોમાં તમામ પ્રકારે મદદ કરવી.

(૨) શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું તેમજ તબિબિ શિક્ષણ, પૌઢ શિક્ષણ તથા અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રચાર કાર્યો કરવા તથા શિષ્યવૃતિઓ આપવી. કેળવણી વિષયક અને કેળવણીને પ્રોત્સાહન કરે તેવી તમામ પ્રકારની પ્રવૃત્તિઓ કરવી કે તેવી પ્રવૃત્તિઓમાં મદદ કરવી. સમાજમાં ઘટતા શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવું તેમજ સમાજમાં શૈક્ષણિક જાગૃતિ તથા પ્રચાર માટેના શૈક્ષણિક કેન્દ્રો, બાલમંદિરો, પ્રાથમિક શાળાઓ કે વિદ્યાલયો, કોલેજો શરૂ કરવા, ચલાવવા તથા નિભાવવા. છાત્રાલયો, વાંચનાલયો કે અન્ય કેળવણી કેન્દ્રો શરૂ કરવા, ચલાવવા તથા નિભાવવા. વિદ્યાર્થીઓને શિષ્યવૃતિઓ, અનુદાન, પુરસ્કાર, સ્ટાઈપેન્ડ વગેરે દ્વારા મદદ કરવી, કરાવવી.

(૩) લોકો ઉપયોગી તમામ રચનાત્મક કાર્યો કરવા તેમજ લોકોમાં એકતા જળવાઈ રહે તે માટે વિવિધ કાર્યક્રમો જેવા કે સમુહલગ્નો, સરસ્વતી સન્માન વગેરેનું આયોજન કરવું તેમજ આવા કાર્યોમાં મદદરૂપ થવું.

(૪) જરૂરિયાત મંદ લોકો માટે વૃદ્ધાશ્રમો, ભોજનાલય, આવાસ યોજના, આરામગૃહો, મહાજન વાડી, ઓડીટોરીયમ બનાવવા અને તેમને ચલાવવા સહાય કરવી.

(૫) કુંટુંબ કલ્યાણ, રક્તદાન, પ્રોઢ શિક્ષણ, ગ્રામ સુરક્ષા, ગ્રામોત્કર્ષની પ્રવૃત્તિઓનો પ્રચાર કરી માહિતગાર કરીને અમલમાં લાવવા તમામ પ્રયાસો કરવા.

(૬) મહિલાઓના સામાજીક, નૈતિક તથા આર્થિક સ્વાવલંબન તથા આત્મ વિકાસ માટેની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ કરવી અને આ માટે મહિલાશ્રમ જેવા એકમો સ્થાપવા તથા આવી પ્રવૃત્તિઓમાં તમામ પ્રકારે મદદ કરવી.

(૭) ભારતીય કલા સંસ્કૃતિના વિકાસ અને જાળવણી માટે પ્રયત્નો કરવા તેમજ સમાજના લોકો આધ્યાત્મિક ભાવના કેળવાય તે માટે આધ્યાત્મિક એકમોની સ્થાપના કરવી તેમજ આવા કાર્યોમાં મદદ કરવી.

(૮) લોકોના સ્વાસ્થ્ય જળવાય તેમજ દરેક રોગોથી બચી શકાય તે માટે કાર્યો કરવા તથા આ માટે જરૂરી શિબીરો દ્વારા માર્ગદર્શન પુરું પાડવું તેમજ રમત-ગમતને લગતી તમામ પ્રવૃત્તિઓ કરવી તેમજ તેના વિકાસ માટે એકમો ઊભા કરવા તેમજ આવા કાર્યોમાં મદદ કરવી. યોગ વિદ્યાની જાણકારી માટે તેને પ્રોત્સાહન આપવું.

(૯) કુદરતી તથા માનવસર્જીત આફતો સમયે જરૂરીયાતવાળાઓને તથા પશુપક્ષીઓને તમામ પ્રકારે મદદ કરવી. જીવદયાના તમામ કાર્યો કરવા, દુષ્કાળ સમયે ઢોરવાળા સરકારી નિયમો મુજબ શરૂ કરવા તેમજ નિસહાય પક્ષીઓ અને પ્રાણીઓને મદદ કરવી તેમજ આવા કાર્યોમાં મદદરૂપ થવું.

(૧૦) પર્યાવરણને લગતી પ્રવૃત્તિઓ કરવી તેમજ વધતા જતા પ્રદૂષણને અટકાવવા માટે વૃક્ષ ઉછેર કેન્દ્રો સ્થાપવા તેમજ જમીનના વધતા જતા ધોવાણને અટકાવવી નાશ પામતા અન્ય વૃક્ષોના ઉછેર દ્વારા વધતું જતું પ્રદૂષણ અટકાવવું તેમજ આવા કાર્યોમાં મદદ કરવી.

(૧૧) સામાજીક કુરિવાજો, વ્યસનો, કુટેવો, દહેજ, વહેમ વેરઝેર વગેરે દુર કરી સમાજ ઉત્કર્ષના કાર્યો કરવા તથા તેવા કાર્યમાં મદદ કરવી જરૂરીયાતવાળા લોકોને અન્ન, વસ્ત્ર, રહેઠાણ, તબિબી સહાય તથા અન્યસહાય નાકાર્યો કરવા. માનવરાહત તથા પશુરાહત ના તમામ ઉપયોગી કાર્યો કરવા તથા તેવા કાર્ય કરતી સંસ્થા કે લોકોને મદદ કરવી.

(૧૨) દિવ્યાંગ, બિમાર, અસહાય, ત્યકતાઓ, વિધવાઓ અને અશક્તોને સહાય, સરંક્ષણ મળે તેવી યોજનાઓ અને પ્રવૃત્તિઓ કરવી/કરાવવી.

(૧૩) જનજાગૃતિ, જનમત અને સામાજિક વિકાસ માટે સામાજિક દૈનિક પત્રિકા,

ચર્ચા પત્રો સામાયિકો, આધુનિક ડિજિટલ ટેકનોલોજી દ્વારા, વેબસાઈટ, એપ, વૃત્તપત્રકો, શિબિરો, સભાઓ સમાજનાં મેળાવડાઓ, પ્રદર્શનો, સમૂહલગ્નો, સગપણ પરિચય મેળાવડા, આર્થિક વિકાસ સેમિનારોનું આયોજન કરવું.

(૧૪) ઉપરોક્ત ઉદ્દેશોને આનુસંગિક લોક ઉત્કર્ષના કાર્યો હાથ ધરવા તેમજ અન્ય કાર્યો કરવા તેમજ આવી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા કે વ્યક્તિઓને મદદ કરવી.

સંસ્થાની ઉપરોક્ત પ્રવૃત્તિઓનો ઉદ્દેશ જનતાના લાભાર્થે અને ચેરિટેબલ હેતુ માટે છે. ઉપરોક્ત બધી જ પ્રવૃત્તિઓ મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અને ઈન્કમટેક્સ એક્ટની વર્તમાન તેમજ ભવિષ્યની જોગવાઈને આધિન જ કરવામાં આવશે. જેથી સંસ્થાને ઈન્કમટેક્સ કાયદાની જોગવાઈને આધિન ટ્રસ્ટના લાભ અને રાહત મળી શકે.

**(૪) ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર :**

આ સંસ્થાનું કાર્યક્ષેત્ર કચ્છ-વાગડમાં વિવિધ ગામોમાં વસવાટ કરતા વાગડ વિશા ઓશવાળ જ્ઞાતિજનોના ગામો તેમજ ધંધા રોજગાર અર્થે વસવાટ કરનાર સમગ્ર ભારતમાં રહેશે.

**(૪) (૧) (ગામ મહાજન / મંડળો)**

શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના નેજા હેઠળના ગામ-મહાજન અથવા મંડળ નીચે જણાવેલા ગણાશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ગામ** | (૧) | લાકડિયા | (૨) | સામખીયારી | (૩) | ભચાઉ/દયાપર |
| | (૪) | શીવલખા | (૫) | આધોઈ | (૬) | ધાણીથર |
| | (૭) | થોરીયારી | (૮) | ગાગોદર | (૯) | છોટાપર |
| | (૧૦) | રવ | (૧૧) | નંદાસર | (૧૨) | ત્રંબૌ |
| | (૧૩) | નૂતન ત્રંબૌ | (૧૪) | વણોઈ | (૧૫) | સુવઈ |
| | (૧૬) | મનફરા | (૧૭) | ખારોઈ | (૧૮) | કકરવા |
| | (૧૯) | ભરૂડીયા | (૨૦) | શીકરા | (૨૧) | હલરા |
| | (૨૨) | પીપરાળા | | | | |

## (૫) સભ્યપદ :

(૧) શ્રી ચોવીસી મહાજન માન્યતા પ્રાપ્ત ગામ મહાજનના જ્ઞાતિ સભ્યો શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના **સાહજિક સભ્ય** (જન્મ જાત સભ્ય) ગણાશે.

(૨) **આજીવન મતાધિકારી સભ્ય** : શ્રી ચોવીસી મહાજનના સાહજિક સભ્યમાંથી જે ૧૮ વર્ષ પરિપૂર્ણ કરનાર મતાધિકારી સભ્ય બની શકશે તેમજ મતના અધિકારનો ઉપયોગ કરી શકશે. અને શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે તેમજ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકશે.

(૩) સમાજના કોઈપણ સાહજીક સભ્ય સંજોગોવસાત અન્ય જ્ઞાતિમાંથી લગ્ન કરશે તો આવનાર સ્ત્રી પાત્રને લગ્નજીવનનાં ત્રણ વર્ષ પછી જે તે ગામ મહાજનની મંજુરી સાથે મતાધિકારી સભ્ય તરીકે સ્વીકારવામાં આવશે. પરંતુ સાહજિક સભ્ય ન હોવાને કારણે ચૂંટણીમાં કે વહિવટી બાબતમાં કોઈપણ હક્ક કે દાવેદારી નોંધાવી શકશે નહિં.

(૪) લગ્ન અથવા અન્ય સામાજિક સંબંધોને કારણે અન્યજ્ઞાતિમાં લગ્ન કરનાર સ્ત્રીનું સાહજિક સભ્યપદ તેમજ મતાધિકારી સભ્યપદ આપમેળે રદ થયેલું ગણાશે.

(૫) શ્રી ચોવીસી મહાજનના મતાધિકાર સભ્ય થવું સર્વે જ્ઞાતિ જનોની નૈતિક ફરજ છે. ગામમહાજનના દાખલા સાથે શ્રી ચોવીસી મહાજનના નિયમ અનુસાર મતાધિકાર સભ્યપદ માટે લેખિત અરજી કરી મતાધિકાર સભ્ય બની શકશે.

(૬) દરેક વ્યક્તિ વાગડનાં મૂળ ગામના સભ્ય તરીકે સભ્યપદ પ્રાપ્ત કરી શકશે. કોઈપણ સંજોગોમાં બેવડું સભ્યપદ આપવામાં આવશે નહીં.

(૭) અન્ય શહેરોમાં વસવાટ કરતા જ્ઞાતિજનોને જે તે ગામના જ સભ્ય ગણાશે. સંખ્યાની મર્યાદામાં જ રહીને અધિવેશન સભ્યો તેમજ કારોબારી સભ્યો સંખ્યા મુજબ લેવામાં આવશે.

## (૬) સભ્યોની ફરજો અને જવાબદારીઓ

(૧) શ્રી ચોવીસી મહાજન કે તેની સમિતિઓએ પસાર કરેલ ઠરાવો / ધારા ધોરણો / નિર્ણયો અમલ કરવા માટે સર્વે મહાજનશ્રીના સાહજિક-મતાધિકારી અને અન્ય સભ્ય બંધાયેલા છે. તેમજ દરેક નિયમોનું પાલન કરવું બંધારણીય ફરજ બની રહેશે.

(૨) શ્રી ચોવીસી મહાજનના બંધારણ / ધારાધોરણ / નિયમોનું ઉલ્લંઘન કરનાર સભ્યોની ચોવીસી મહાજનને જાણ થવાથી ચોવીસી મહાજન એવા સભ્યોને ૧૫ દિવસની લેખિત કારણદર્શક નોટિસ આપશે અને સંપૂર્ણ મામલો શિસ્ત પાલન સમિતિને સુપ્રત કરશે. શિસ્તપાલન સમિતિના અહેવાલ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જે સર્વે સભ્યોને માન્ય રાખવાની રહેશે.

(૩) શ્રી ચોવીસી મહાજનના બંધારણ/ધારાધોરણ/નિયમોનું અને સમાજ વ્યવસ્થા તેમજ વહીવટીકાર્યમાં દખલરૂપ કરનાર સભ્યને સાથસહકાર આપનાર, આડકતરી રીતે છાવરનાર અને એવા સભ્યો સાથે સામાજિક રીતે રીવાજોનું વ્યવહાર કરનાર સભ્યોની જાણ થવાથી જે તે સભ્યને ૧૫ દિવસની કારણદર્શક લેખિત નોટિસ આપવામાં આવશે તેમજ સંપૂર્ણ મામલો શિસ્તપાલન સમિતિને સોંપવામાં આવશે. શિસ્તપાલન સમિતિના અહેવાલ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેમાં થયેલ કાર્યવાહી માન્ય ગણાશે.

(૪) શ્રી ચોવીસી મહાજનના બંધારણ/ધારાધોરણ/નિયમોનું/સમાજ વ્યવસ્થા તેમજ વહીવટીકાર્યમાં અને સમાજની જંગમ તથા સ્થાવર મિલકતમાં દખલ રૂપ થનાર સભ્યને અને તેને સાથ સહકાર આપનાર સમાજના દોષિત ગણાશે. તેમને પણ ૧૫ દિવસની કારણદર્શક નોટિસ આપી સંપૂર્ણ મામલો શિસ્તપાલન સમિતિને સોંપવામાં આવશે. શિસ્તપાલન સમિતિના અહેવાલ આધારિત કાર્યવાહી કરવામાં આવશે.

(૫) જે સભ્યો સામે શિસ્તભંગના પગલા લેવાયા હશે તેવી વ્યક્તિઓ સાથે કોઈ પણ જ્ઞાતિજનોને સામાજિક રીત રીવાજો મુજબ વ્યવહાર રાખવો / કરવો નહીં. આવી વ્યક્તિઓની સાથે વ્યવહાર રાખનાર જ્ઞાતિજનો પણ સમાજના દોષિત ગણાશે. તેમને પણ ૧૫ દિવસની કારણદર્શક નોટિસ આપી સંપૂર્ણ મામલો શિસ્તપાલન સમિતિને સોંપવામાં આવશે. શિસ્તપાલન સમિતિના અહેવાલ આધારિત કાર્યવાહી કરવામાં આવશે.

(૬) જે કોઈ સભ્યો મહાજનશ્રીના બંધારણ/ધારાધોરણો મૂળભૂત નીતિઓના ઉલ્લંઘનમાં શિસ્તપાલન સમિતિના અહેવાલ / નિર્ણય અનુસાર દોષિત પુરવાર થશે એવી વ્યક્તિઓના નામ **શ્રી કચ્છ વાગડ ખબર પત્રિકામાં** જાહેર કરવામાં આવશે.

(૭) સભ્યની લેખિત અરજી બાદ સર્વે ચોવીસી મહાજનના મતાધિકાર સભ્યોને પોતપોતાના ફોટો સાથેનું મતદાન ઓળખપત્ર ચોવીસી મહાજન તરફથી આપવામાં આવશે. જે દરેક સભ્યએ મેળવવું જરૂરી છે. ઓળખપત્ર વગર શ્રી ચોવીસી મહાજનની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

## (૭) ગામ મહાજન / મંડળોની જવાબદારી

(૧) શ્રી ચોવીસી મહાજન અધિકારી ગણ અથવા કાર્યાલય તરફથી ગામ મહાજનો અથવા મંડળો પાસેથી જ્યારે જ્યારે સાથસહકાર માગવામાં આવે ત્યારે ખભેખભા મિલાવી જ્ઞાતિજનોનો હિતાર્થે સંપૂર્ણ સાથસહકાર દરેક ગામ મહાજનો/મંડળોએ આપવાનું રહેશે.

(૨) દરેક આજીવન મતાધિકાર સભાસદોની અટક, નામ,પિતાનું નામ, દાદાનું નામ, ગામનું નામ અને ઉમર સાથેનું મતાધિકાર પત્રક શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન દ્વારા બનાવવામાં આવશે. અને ગામ મહાજનને આપવામાં આવશે. મતાધિકારી સભાસદની ગણતરી હિસાબી વર્ષના અંતે ગામ મહાજને શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના કાર્યલયમાંથી મેળવી લેવી.

(૩) શ્રી ચોવીસી મહાજનના પ્રમુખશ્રીની ચૂંટણી તથા અન્ય પદાધિકારીની ચૂંટણી પહેલા ૩૦ દિવસ અગાઉ આજીવન મતાધિકારી સભ્યોની સુધારા-વધારા સાથેની યાદી શ્રી ચોવીસી મહાજનનાં કાર્યાલયમાંથી ગામ મહાજન મંડળોએ મેળવવાની રહેશે.

(૪) દરેક ગામ મહાજન / મંડળો પોતપોતાના ગામને લગતા વળગતા કેટલાક નિયમો શ્રી ચોવીસી મહાજનના બંધારણની મર્યાદામાં રહીને બનાવી શકાશે.

(૫) દરેક ગામ મહાજન કે મંડળોએ શ્રી ચોવીસી મહાજનમાં પોતાના ગામનું પ્રતિનિધિત્વ, સ્થાનિક મહાજન કે મુંબઈ મહાજન/મંડળે સંયુક્ત રીતે નક્કી કરી જે કોઈ સ્થાનિક અથવા મુંબઈની સંસ્થા પ્રતિનિધિત્વ કરવાની હોય તેની સંયુક્ત રીતે લેખિત જાણ શ્રી ચોવીસી મહાજનને કરવાની રહેશે.

(૬) ગામ મહાજનો કે મંડળો શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનના એકમો અને ઘટકો છે અને રહેશે. તેઓ ચોવીસી મહાજનને વફાદાર રહી બંધારણ તેમજ જ્ઞાતિના સામાજિક રીતે રિવાજ, ધારાધોરણ અને પ્રણાલીકાઓનો ચુસ્તપણે અમલ બજવણી તેમની સીધી દેખરેખ હેઠળ જ્ઞાતિજનો પાસેથી કરાવવાની જવાબદારી ગામ મહાજનોની અને મંડળોની રહેશે. તેનો ભંગ કરનાર જ્ઞાતિજનો સામે શિસ્તપાલનના પગલાઓ ગામ મહાજન/મંડળ લઈ શકશે અને જરૂરી કાર્યવાહી કરી શકશે. જેની જાણ ગામ-મહાજન કે મંડળોએ ચોવીસી મહાજનના કાર્યાલયને કરવાની રહેશે.

(૭) શ્રી ચોવીસી મહાજન માન્યતા પ્રાપ્ત ગામ મહાજનો કે મંડળોએ પોતપોતાના ગામના આજીવન મતાધિકાર સભાસદોની સંખ્યા મુજબ

૧૦૦ સભ્યો દીઠ ૧૦ પ્રતિનિધિઓ શ્રી ચોવીસી મહાજન અધિવેશનમાં ભાગ લેવા મોકલી શકશે. તેમજ ૧૦૦ સભ્યોદીઠ ૧ (એક) પ્રતિનિધિ ચૂંટીને કારોબારી સમિતિમાં ભાગ લેવા મોકલી શકશે. અને કોઈ ગામની આજીવન મતાધિકારી સભાસદની સંખ્યા ઓછી હોય તો વધુમાં વધુ ૨ (બે) પ્રતિનિધિને અધિવેશનમાં તેમજ કારોબારી સમિતિમાં મોકલી શકશે.

(૮) દરેક ગામ મહાજન / મંડળોએ મહિલાઓને શ્રી ચોવીસી મહાજનની અધિવેશન સભામાં તેમજ કારોબારી સભામાં ઓછામાં ઓછું ૧૦ ટકા પ્રતિનિધિત્વ મળે તે રીતે મહિલા સભ્યોને મોકલવાના રહેશે.

(૯) શ્રી ચોવીસી મહાજનના અધિવેશનમાં (પ્રતિનિધિસભા) માં ગામના નિમણૂક પામેલ પ્રતિનિધિઓ જ ફક્ત જરૂરી મતદાનમાં ભાગ લઈ શકશે. પોતાના વિચારો રજૂ કરી શકશે.

(૧૦) શ્રી ચોવીસી મહાજનના પ્રતિનિધિ સભામાં પ્રમુખ શ્રી ની મંજૂરીથી સમાજનાં મહાજનના પ્રતિનિધિ ભાઈઓ અને બહેનો પોતાનાં વ્યક્તિગત મંતવ્ય / સલાહ સુચન રજુ કરી શકશે જેની લેખિત જાણ સાત દિવસ અગાઉ મહાજનનાં કાર્યાલયમાં કરવાની રહેશે.

## (૮) વહીવટ અને સંચાલન

(૧) અધિકારી બોર્ડ

(૨) ટ્રસ્ટી ગણ (શ્રી વાગડ ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટ)

(૩) શિસ્તપાલન સમિતિ

(૪) કારોબારી સભા

(૫) પ્રતિનિધિ અધિવેશન સભા

નિયુક્ત અધિકારી બોર્ડ, ટ્રસ્ટી ગણ, શિસ્તપાલન સમિતિ, કારોબારી સભા, પ્રતિનિધિ અધિવેશન સભાના સભ્યો નીચે પ્રમાણે ગણાશે.

(૧) કલમ - (૮) (એ) પ્રમાણે નિયુક્ત થયેલા સભ્યો અધિકારી બોર્ડ ગણાશે.

(૨) કલમ - (૮) (ડી) પ્રમાણે નિયુક્ત થયેલા સભ્યો ટ્રસ્ટીગણ ગણાશે.

(૩) કલમ - (૮) (ઈ) પ્રમાણે નિયુક્ત થયેલા સભ્યો શિસ્તપાલન સમિતિ ગણાશે.

(૪) કલમ - (૮) (સી) પ્રમાણે નિયુક્ત થયેલા સભ્યો કારોબારી સભ્ય ગણાશે.

(૫) કલમ - (૮) (બી) પ્રમાણે નિયુક્ત થયેલા સભ્યો પ્રતિનિધિ અધિવેશન સભા ગણાશે.

## (૮) (એ) અધિકારી બોર્ડ - સત્તા અને ફરજો

(૧) શ્રી ચોવીસી મહાજનના કાર્ય અને પ્રવૃત્તિઓનું સંચાલન વહીવટ બંધારણ અનુસાર લોકશાહી ઢબે ચૂંટાયેલા અધિકારીઓ અથવા સર્વાનુમતે નિમણૂંક પામેલ અધિકારી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

અધિકારી બોર્ડના સભ્યોની સંખ્યા નીચે મુજબ રહેશે.

(એ) (૧) -૧ (એક) પ્રમુખ રહેશે
(એ) (૨) -૪ (ચાર) ઉપપ્રમુખ રહેશે
(એ) (૩) -૪ (ચાર) માનદ્‌મંત્રીઓ રહેશે
(એ) (૪) -૧ (એક) ખજાનચી રહેશે. તેમજ (૧) એક સહખજાનચી રહેશે.

(૨) જરૂરત જણાયે અધિકારી બોર્ડ સ્થાનિક સમિતિ કે સમિતિઓની નિમણૂંક કરશે. તેમની સંખ્યા, સત્તા, અધિકાર, ફરજો તથા જવાબદારી નક્કી કરશે. તેમજ પોતાને મળેલ સત્તા તથા ફરજો તેવી સમિતિઓની સોંપી (ડેલીગેટ કરી) શકશે. જરૂર જણાય આવી સમિતિ કે સમિતિઓની મુદત, સંખ્યા તથા તેઓ સોપેલ સત્તા તથા ફરજોમાં ફેરફાર કરી શકશે, કે રદ કરી શકશે, કે આવી સમિતિ કે સમિતિઓ કોઈપણ સમયે વિસર્જન કરી નવેસરથી રચના કરી શકશે.

(૩) રોજબરોજના કાર્ય માટે સ્ટાફની નિમણૂંક કે બરતરફ કરી શકશે.

(૪) સંસ્થાનાં સ્ટાફ માટે વેતનગ્રેડ નિયમો તથા ફરજો નક્કી કરી શકશે, કે તેમાં ફેરફાર કરી નવેસરથી તૈયાર કરી શકશે.

(૫) સંસ્થાની આવક, રોકાણો તથા મિલ્કતો આ સંસ્થાના ઉદ્દેશોના વિકાસ અર્થે અધિકાર બોર્ડનાં નિર્ણય અનુસાર કરી શકશે. અને સંસ્થા નાણનું રોકાણ શિડયુલ બેંકમાં જ કરવાનું રહેશે. સંસ્થાનુ રોકાણ કાયદાને આધિન જ કરવામાં આવશે.

(૬) સંસ્થાનો સર્વે વહીવટ, રોકાણો, બેંકો સાથેની લેવડદેવડ વગેરે અધિકારી બોર્ડના હોદ્દેદારોમાંથી કોઈપણ બે ની સહીથી અથવા વખતો વખત નિર્ણયઅનુસાર સંસ્થાના નામે કરી શકશે.

(૭) અધિકારી બોર્ડ સંસ્થાની આવક, ફંડફાળો અને ખર્ચના યોગ્ય રીતે નિયમબદ્ધ હિસાબો ઓડીટ કરાવશે.

(૮) સંસ્થા રોજબરોજના વહીવટ માટે અધિકારી બોર્ડ વખતોવખત નિયમ ઘડશે, સુધારી શકશે કે નવા બનાવી શકશે.

(૯) અધિકારી બોર્ડની મિટિંગ વખતો વખત મળશે. દરેક પ્રશ્નો અધિકારી બોર્ડ મિટીંગમાં બહુમતીના ધોરણે નક્કી થશે. જે પ્રશ્નો કે મુદ્દાઓ ઉપર સરખા મત પડે ત્યાં મિટીંગનાં પ્રમુખશ્રીને નિર્ણયાત્મક મત આપવાનો અધિકાર રહેશે. અધિકારી બોર્ડ સંસ્થાના નિર્ણયો સરક્યુલરથી મેળવી શકશે. આવી

રીતે મેળવેલ નિર્ણય સર્વાનુમતે હોવો જોઈએ. ૧/૩ અથવા ૫ માંથી જે વધારે સંખ્યા હોય તે અધિકારી બોર્ડમાં અમુક મુદ્દાઓ ઉપર કે પ્રશ્નો પર મિટીંગ બોલાવવાની માંગણી આવે તો તે મુદ્દા કે પ્રશ્નો માટે મિટીંગ બોલાવવાની રહેશે. તમામ પ્રકારની મિટીંગનું પ્રમુખ સ્થાન અધિકારી બોર્ડના પ્રમુખ લેશે તેમની ગેરહાજરીમાં ઉપપ્રમુખ અને ઉપપ્રમુખની ગેરહાજરીમાં કોઈ એક ટ્રસ્ટીને પ્રમુખપદે તે મીટીંગ પુરતી નીમી શકશે.

(૧૦) મિટીંગનું કોરમ ઓછામાં ઓછી ૪ સભ્યોની સંખ્યામાં રહેશે. કોરમના અભાવે મુલત્વી રહેલ મિટીંગ તેજ રોજના હાજર રહેલા અધિકારી બોર્ડ જરૂર લાગશે તો અડધા કલાક પછી તે મિટીંગનું કામ હાજર રહેલ અધિકારીઓ કરી શકશે તે મિટીંગમાં ૩ અધિકારીની હાજરી જરૂર રહેશે. અને તે કામ કાયદેસરનું ગણાશે.

(૧૧) અધિકારી બોર્ડ બક્ષીસ, દાન તરીકે રોકડ, જંગમ કે સ્થાવર મિલ્કતના સ્વરૂપમાં શરતી ધોરણે સંસ્થાના ઉદ્દેશોને આધિન સ્વીકારી શકશે.

(૧૨) સંસ્થાની પ્રવૃત્તિઓના વિકાસ માટે અધિકારીઓ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ધારાના નિયમનોને આધિન ગ્રાન્ટ, સબસીડી, તારણવાળી કે તારણવગરની લોન મેળવી શકશે.

(૧૩) પોતાની શુધ્ધબુધ્ધીથી સંસ્થાના હીત માટે કોઈપણ કામ કરવા જતા કોઈ પણ નુકસાની થશે તો તેની જવાબદારી અધિકારી બોર્ડની રહેશે નહીં.

(૧૪) શ્રી ચોવીસી મહાજનના પ્રમુખશ્રી તથા ૪ (ચાર) ઉપપ્રમુખ, ૪ (ચાર) માનદ્ મંત્રીઓ અને ૧ (એક) ખજાનચી અને એક સહખજાનચીની ચૂંટણી માટે સાહજિક આજીવન મતાધિકારી ભાઈઓ અને બહેનો ઉમેદવારી નોંધાવી શકશે.

(૧૫) અધિકારી બોર્ડની ચૂંટણીમાં પ્રમુખ પદની ચૂંટણીના દાવેદાર / ઉમેદવાર પ્રમુખ પદ ઉપર ટોટલ બે ટર્મથી (મુદતથી) વધારે ઉમેદવારી નોંધાવી શકશે નહિં.

(૧૬) પ્રમુખ પદ ના દાવેદારની ઉંમર ઓછામાં ઓછી ૪૦ વર્ષ અને વધુમાં વધુ ૭૦ વર્ષની વય સુધી ઉમેદવારી નોંધાવી શકાશે.

(૧૭) અધિકારી બોર્ડની ચૂંટણીની તારીખ જાહેરાત થતા સર્વે અધિકારી બોર્ડના સભ્યોએ ચૂંટણી અધિકારીને પોતપોતાના પદ પરથી રાજીનામાનો પત્ર સુપરત કરવાનો રહેશે અને ચૂંટણી પ્રક્રિયાના પરિણામ જાહેર થતા તે રાજીનામાનો પત્ર અમલમાં આવશે. બીજી મુદત માટેના ઉમેદવારી નોંધાવનાર અધિકારી બોર્ડના સભ્યએ ચૂંટણી અધિકારી પાસેથી ચૂંટણી માટેના ઉમેદવાર માટે ના-હરકત પત્ર લઈ ચૂંટણી પ્રક્રિયાનું ફોમ ભરી શકશે. ચૂંટણી પ્રક્રિયાથી ચૂંટણી પરિણામ જાહેર થાય ત્યાં સુધી અધિકારી બોર્ડ

હંગામી ધોરણે ફક્ત રોજ-બરોજના કાર્ય સંભાળી શકશે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન અધિકાર બોર્ડ કોઈપણ નિતિવિષયક નિર્ણય લઈ શકશે નહિં.

(૧૮) જ્ઞાતિજનોના તમામ મતાધિકારી સભાસદો મારફત શ્રી ચોવીસી મહાજનના પ્રમુખશ્રીની તથા અન્ય અધિકારીઓની પાંચ વર્ષ માટે સીધી ચૂંટણી કરવાની રહેશે.

(૧૯) અધિકારી બોર્ડના કોઈપણ અધિકારીઓ નાદારીમાં નામ આવતાં કે રાજીનામું આપતાં કે અવસાન થતાં અને સતત ત્રણ મિટીંગમાં અધિકારી બોર્ડની મંજૂરી વગર ગેરહાજર રહેતાં અધિકારીનાં પદ તરીકે આપોઆપ રદ થયેલો ગણાશે.

## (૮) (એ) (૧) પ્રમુખશ્રીની સત્તા અને ફરજો

(૧) શ્રી વાગડ વિશા ઓશવાળ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલન કરવાં ઓછામાં ઓછા ૭ સાત અને વધુમાં વધુ ૧૫ (પંદર) ટ્રસ્ટીઓ રહેશે. ૧૦ ટ્રસ્ટીઓની ચૂંટણી શ્રી ચોવીસી મહાજનના અધિવેશનમાં હાજર હોય તે પ્રતિનિધિઓ કરશે. તેમજ શ્રી ચોવીસી મહાજનના પ્રમુખ પ્રમુખની રૂએ ટ્રસ્ટી તરીકે આવશે. ત્યારબાદ ૪ (ચાર) ટ્રસ્ટીની નિમણુંક પ્રમુખ શ્રી કરશે (નોંધ : ચૂંટાયેલ પ્રમુખ અને પ્રમુખશ્રી એ નિમણૂંક કરેલ ૪ (ચાર) ટ્રસ્ટી અધિકારી બોર્ડની મુદ્દત પૂર્ણ થતાં જ તેમની પણ મુદ્દત પૂરી થઈ ગણાશે).

(૨) ચૂંટાયેલા પ્રમુખ શ્રી પોતાની અનુકૂળતા અનુસાર શ્રી ચોવીસી મહાજન કાર્યવાહીમાં સહાયરૂપ થવા પ્રમુખશ્રીના સચિવ તરીકે વધુમાં વધુ ૨ (બે) સચિવની નિમણૂક કરી શકશે અને તેઓ વધુમાં વધુ ૧૧ સલાહકારની નિમણૂંક કરશે.

(૩) પ્રમુખશ્રી પાંચ વર્ષ માટે પ્રમુખ સત્તાના અધિકાર ક્ષેત્ર હેઠળ ખાસ વિશેષતા કે યોગ્યતા અનુસાર વધુમાં વધુ ૨૧ (એકવીસ) કારોબારી સભ્યોની નિમણૂક કરી શકશે.

(૪) શ્રી ચોવીસી મહાજનના પ્રમુખશ્રી વડા અધિકારી કહેવાશે. શ્રી ચોવીસી મહાજન તેમ જ ગામના મહાજનો કે મંડળોની કાર્યવાહી પર દેખરેખ રાખશે. તેમ જ જરૂરી અને વ્યાજબી માર્ગદર્શન સાથે દોરવણી અને જરૂરી સૂચના આપશે. શ્રી ચોવીસી મહાજન કે ગામ મહાજન કે મંડળોને, વહેવાર કે વહીવટ સરળતાથી ચાલે તેમજ સામાજિક રીત-રીવાજો અને પ્રણાલીકાઓનો અમલ થતો રહે તથા શ્રી ચોવીસી મહાજન અને ગામના મહાજનો કે મંડળોમાં એકતા અને સંપ જળવાય અને તેમના સંગઠનો મજબૂત બને તે માટે અધિકારી બોર્ડનો સાથ સહકાર લઈ જરૂર કાર્યવાહી કરશે.

(૫) બંધારણ અને નિયમાનુસાર અધિવેશન / કારોબારી સમિતિ સભ્યોનું પ્રમુખ સ્થાન સંભાળશે અને તેનું સંચાલન કરશે.

(૬) વિવિધ સમિતિઓ પાસે રજુ કરેલ પ્રસ્તાવ પર સરખા મતો પડવાથી પ્રમુખ શ્રી નિર્ણાયક મત (કાસ્ટિંગ મત)નો ઉપયોગ કરી શકાશે.

(૭) વખતો વખત સંસ્થાની પ્રવૃત્તિઓનો તેમજ શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ અને નાણાકીય વહેવાર વર્ષના અંતના નવ મહિનામાં કારોબારી સમિતિ સભામાં રજુ કરશે.

(૮) અધિકારી બોર્ડમાં સંજોગોવસાત અધિકારી સભ્યની ખાલી પડેલ જગ્યા અધિકારી બોર્ડમાં પ્રમુખ શ્રી પુરી કરી શકશે.

(૯) કોઈ કારણથી ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓની જગ્યા ખાલી પડશે તો તેવા સંજોગોમાં પ્રમુખશ્રી નવા ટ્રસ્ટીની વરણી કરશે સંજોગવસાત સામુહિક રાજીનામાં પાંચ કે પાંચથી વધુ આવતા નવા ટ્રસ્ટીની નિમણુંક માટે પ્રતિનિધિ સભા દ્વારા ચૂંટણી પ્રક્રિયા દ્વારા નિર્ણય કરવામાં આવશે.

## (૮) (એ) (૨) ઉપપ્રમુખોની સત્તા અને જવાબદારીઓ

(૧) પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપપ્રમુખો પ્રમુખશ્રીની સર્વે સત્તાઓ ભોગવશે અને જવાબદારીઓ નિભાવશે.

**નોંધ:** સંજોગોવસાત પ્રમુખ અને ઉપપ્રમુખોની ગેરહાજરીમાં સભામાં હાજર સભ્યોમાંથી એક સભ્યને તે સભા પૂરતા જ પ્રમુખ તરીકે ચૂંટશે. અને પ્રમુખ તરીકેની સર્વે સત્તાઓ તે સભા પૂરતી ભોગવશે.

## (૮) (એ) (૩) માનદ્ મંત્રીઓની સત્તા અને ફરજો

(૧) શ્રી ચોવીસી મહાજનના કાર્યાલયનું સંચાલન માનદ્ મંત્રીઓની સીધી દેખરેખ હેઠળ રહેશે.

(૨) શ્રી ચોવીસી મહાજનનો તમામ પ્રકારનો પત્રવ્યવહાર કરવાનો રહેશે.

(૩) શ્રી ચોવીસી મહાજનના વાર્ષિક અહેવાલ ખજાનચીઓ પાસેથી મેળવી વખતોવખત કારોબારી સમિતિમાં રજૂઆત કરશે.

(૪) શ્રી ચોવીસી મહાજનની બધી જ સમિતિઓ કે પેટા સમિતિઓની સભાઓ બોલાવશે. કાર્યનોંધ યોગ્ય રીતે રાખશે અને તેમાં પસાર થયેલ ઠરાવો અમલમાં મુકશે.

(૫) સંજોગોવસાત જરૂરી જણાતા કોઈ કાર્યવાહી માટે પ્રમુખશ્રીની સંમતિથી કે સૂચનાથી કારોબારી સમિતિનો નિર્ણય પરિપત્ર દ્વારા મેળવી શકશે. અને

એ પ્રમાણે મેળવેલ નિર્ણય મુજબ કાર્યવાહી / કાર્ય કરી શકશે.

(૬) શ્રી ચોવીસી મહાજનનું દફતર, ચોપડા, વાઉચર અને એવા જરૂરી કાગળો તેમજ દસ્તાવેજ વગેરે રેકોર્ડ રાખશે અને કારોબારી સભ્યોની લેખિત માગણી થતા તેમને તે કાર્યાલયમાં હિસાબી ચોપડા પંદર (૧૫) દિવસની સમય મર્યાદામાં જોવા કે તપાસવા આપી શકશે.

(૭) મહાજનશ્રીના વેતનદાર કર્મચારીઓ પાસેથી કામ લેવું વગેરેની સંપૂર્ણ જવાબદારીઓ માનદ્ મંત્રીઓની રહેશે.

(૮) માનદ્ મંત્રીઓ એમની જવાબદારીઓ તેમજ સત્તા પ્રત્યેની ફરજો પ્રમુખશ્રીની સલાહ/સૂચના અનુસાર અમલ બજાવણી કરશે.

(૯) જરૂરિયાત અનુસાર રૂા. ૨૫,૦૦૦/- (અંકે પચ્ચીસ હજાર પૂરા) સુધીનું ખર્ચ માનદ્ મંત્રીશ્રીઓ કરી શકશે એનાથી વધુ ખર્ચ માટે શ્રી ચોવીસી મહાજનના અધિકારી બોર્ડની મંજૂરી મેળવવાની રહેશે.

## (૮) (એ) (૪) ખજાનચીઓની સત્તા અને જવાબદારીઓ

(૧) રોજબરોજના હિસાબો રાખશે. વસુલાતો કરશે અને કરાવશે. પ્રમુખશ્રી અને માનદ્ મંત્રીઓના માર્ગદર્શનમાં જરૂરી ખર્ચાઓ ચુકવશે.

(૨) સંસ્થાનો વાર્ષિક આર્થિક અહેવાલો સરકારી તંત્રના વર્ષ મુજબ કારોબારી સમિતિ સમક્ષ સભામાં વિસ્તારપૂર્વક રજુ કરવાનું રહેશે.

## (૮) (બી) અધિવેશન પ્રતિનિધિ સભા

(૧) પ્રતિનિધિ અધિવેશન સભાના સભ્યોની મુદત પાંચ વર્ષની રહેશે અથવા નવી ચૂંટણી થાય ત્યાં સુધી રહેશે.

(૨) દરેક ગામ મહાજન કે મંડળો પોતપોતાના ગામના આજીવન મતાધિકાર સભ્યોમાંથી સ્ત્રી / પુરુષમાંથી ૧૦ ટકા, મહિલા અનામત સહીત શ્રી ચોવીસી મહાજનના પ્રતિનિધિ અધિવેશન સભાના સભ્યો ગામમાં સર્વ સંમતિ કે ચૂંટણી પ્રક્રિયા કરી મોકલી શકશે.

**નોંધ :** દા.ત. ૧૦૦૦ આજીવન મતાધિકાર સભ્યના ૧૦ ટકા એટલે ૧૦૦ અધિવેશન સભાના સભ્યો થયા એમાં ૧૦ ટકા મહિલા આરક્ષણ એટલે ૧૦ ટકા મહિલા સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે તદ્ઉપરાંત સ્થાનિક કે મુંબઈ મહાજન / મંડળના પ્રમુખનો અલગથી સમાવેશ કરવાનો રહેશે.

(૩) ગામ મહાજન કે મંડળ સંજોગો વસાત પોતાના ગામના અધિવેશન સભાના સભ્યોની ખાલી પડેલ જગ્યા ભરી શકશે. જેની લેખિત જાણ શ્રી

ચોવીસી મહાજન કાર્યાલયને કરવાની રહેશે.

(૪) શ્રી ચોવીસી મહાજનનું અધિવેશન મળી ગયા પછી પાંચ વર્ષ દરમિયાન કટોકટી ઊભી થાય અથવા એવી કોઈ સમસ્યા રૂપ બાબત ઊભી થાય કે જેના પર અધિવેશનનો નિર્ણય કે માર્ગદર્શન લેવાની જરૂર જણાય અથવા જ્ઞાતિ જાગૃતિ હિતાર્થે સંગઠન હેતુસર જરૂરી લાગે તો એધિકારી બોર્ડ નક્કી કરશે તેવા સ્થળે અને સમયે ખાસ અધિવેશન બોલાવી શકશે અને બે અધિવેશન વચ્ચે કોઈ સમયગાળાની મર્યાદા રહેશે નહીં.

(૫) શ્રી ચોવીસી મહાજનના પ્રતિનિધિ અધિવેશન તેમજ તેની સમિતિના નિર્ણયો ઠરાવો સામાન્ય રીતે બહુમતીથી કરવામાં આવશે, પરંતુ બંધારણમાં સુધારાવધારા કે ફેરફાર કરવા હોય અને સામાજિક રીત રીવાજ તેમજ વ્યવસ્થાને લગતા વિશે ફેરફાર સુધારા કરવા હોય તો તેમ કરવા માટે હાજર રહેલા શ્રી ચોવીસી મહાજન અધિવેશન પ્રતિનિધિઓની ૭૫ ટકા મતોની જરૂર રહેશે.

(૬) શ્રી ચોવીસી મહાજનનું અધિવેશન સભા દર પાંચ વર્ષે કારોબારી સમિતિ અથવા અધિકારી બોર્ડ નક્કી કરે તેવા સ્થળે અને સમયે યોજવામાં આવશે. એવા અધિવેશનમાં કારોબારી સમિતિ કે ગામ મહાજનો કે મંડળો તરફથી રજૂ કરવામાં આવે તે બાબતો પર નિર્ણયો લેવામાં આવશે. તેમજ જ્ઞાતિજનોને સંબંધ કરતી બાબતો વિશે ચર્ચાવિચારણા કરી તેનો નિકાલ કરવામાં આવશે. તે ઉપરાંત મહાજન સંગઠનો અને ઐક્ય જાળવવાના માર્ગો અને ઉપાયો લેવામાં આવશે. તથા ચોવીસી મહાજનના બંધારણ અથવા જ્ઞાતિના સામાજિક રીત રીવાજો અને તેની મૂળભૂત નીતિમાં જરૂર જણાય તો સુધારા વધારા અને ફેરફાર કરી શકશે. જ્ઞાતિ અને જ્ઞાતિજનોના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસને વેગ અને ઉત્તેજન મળે તેવી પ્રવૃત્તિઓ અને કાર્યવાહી કરવાના નિર્ણયો લઈ શકશે. તારીખ સ્થળ અને એજન્ડા ની જાણ ૧૫ દિવસ પહેલાં ખબર પત્રિકા દ્વારા કરવામાં આવશે.

(૭) શ્રી વાગડ વિશા ઓશવાળ મહાજન ચેરિટેબલ ટ્રસ્ટના ૧૦ ટ્રસ્ટીઓની નિમણૂંક પ્રતિનિધિ અધિવેશન કરશે.

## (૮) (સી) કારોબારી સમિતિની રચના અધિકાર અને ફરજો

(૧) કારોબારી સમિતિની મુદત પાંચ વર્ષની રહેશે અથવા નવી ચૂંટણી થાય ત્યાં સુધી રહેશે.

(૨) કારોબારી સમિતિની રચના ગામ મહાજન કે મંડળો દ્વારા આજીવન મતાધિકારી સભ્યોની સંખ્યાના ૧૦ ટકા (દસ ટકા) પ્રમાણે અધિવેશનના

સભ્યો મોકલી શકશે અને તેના ૧૦ ટકા (દસ ટકા) પ્રમાણે ગામ મહાજન / મંડળ પ્રમુખ તેમજ સ્થાનિક પ્રમુખ સહિત અને મહિલા આરક્ષણ ૧૦ ટકાની ગણતરી કરી દરેક ગામ મહાજને ચોવીસી મહાજનના પોતપોતાના ગામના કારોબારી સમિતિમાં સભ્યો મોકલી શકશે.

**નોંધ :** દા.ત. ૧૦૦૦ આજીવન મતાધિકાર સભ્યો પ્રમાણે ૧૦ એટલે ૧૦૦ સભ્યો શ્રી ચોવીસી મહાજન અધિવેશનમાં સભ્યો ચૂંટીને મોકલી શકશે. અને એના ૧૦ ટકા એટલે ૧૦ સભ્યો ટોટલ કારોબારી સમિતિમાં મોકલી શકશે. આ દસ સભ્યોમાં ગામની મહિલાઓને ૧૦ ટકા આરક્ષણ આપવાનું રહેશે. ઉપરાંત ગામ મહાજનના સ્થાનિક અને મુંબઈના પ્રમુખોને મોકલવાના રહેશે.

(૩) ગામ મહાજન / મંડળોએ મહિલા આરક્ષણ સભ્યો કારોબારી સભ્યો તરીકે ફરજિયાત મોકલવાના રહેશે.

(૪) નવી કારોબારી સમિતિની રચના કરવા માટે દરેક ગામ મહાજનોએ પોતાના ગામના કારોબારી સભ્યને મોકલવાના રહેશે. કોઈ ગામ/મહાજન કે મંડળ કારોબારી સભ્યોની નામાવલી નહીં મોકલે તો ત્યાં સુધી જૂના કારોબારી સભ્યો, કારોબારી સભ્યો તરીકે ચાલુ રહેશે.

(૫) ગામ મહાજન/મંડળોએ શ્રી ચોવીસી મહાજન અધિવેશન સભા માટે મોકલાવેલ પ્રતિનિધિ સભાસદોમાંથી જ કારોબારી સભ્યો નિયમ મુજબ મોકલી શકશે.

(૬) કારોબારી સમિતિમાં સંજોગોવસાત જે તે ગામના કારોબારી સભ્યોની ખાલી પડેલ જગ્યા જે તે ગામ પરિપૂર્ણ કરી શકશે. જેની લેખિત જાણ ચોવીસી મહાજન કાર્યાલયમાં કરવાની રહેશે.

(૭) કારોબારી સમિતિઓની સભાઓ વર્ષમાં એક વખત ફરજિયાત તેમજ જરૂર પડે પ્રમુખશ્રીની સૂચના અને સલાહ અનુસાર વધારાની સભા ઉપપ્રમુખ, મંત્રીઓ અથવા પ્રમુખશ્રી પણ બોલાવી શકશે.

(૮) કારોબારી સમિતિઓની સભાની તારીખ, એજન્ડા, સમય અને સ્થળ કારોબારીના સભ્યોને ખબર પત્રિકા દ્વારા અથવા ડિજિટલ માધ્યમ દ્વારા ૧૫ દિવસ અગાઉ જાણ કરવામાં આવશે. દરેક ગામ મહાજનોને ઉપરોકત વિગત સાથેનો પરિપત્ર મોકલવામાં આવશે. સભા પ્રમુખ તરફથી કોઈપણ ઠરાવ પસાર થયાની જાહેરાત અને મહાજન બહાલી અપાયલ કાર્યવાહીની નોંધ મીનીટસ બુકમાં લખવામાં આવશે. અને તે નોંધ આખરી પુરાવો ગણાશે. તાત્કાલિક કામો માટે કારોબારી સમિતિની સભા ટુંકી મુદત ૫ દિવસની ખબર આપી કારોબારી સમિતિ સભા બોલાવી શકશે.

(૯) કારોબારી સમિતિની સભાઓની કાર્યસાધક સંખ્યા (કોરમ) ૫૧ સભ્યોની

રહેશે. કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે મુલતવી રહેલા કારોબારી સમિતિ સભા અર્ધા કલાક બાદ તેજ એજન્ડાની કાર્યવાહી માટે તેજ સ્થળે મળશે જેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે. જેમાં થયેલ સર્વે નિર્ણયો સૌને બંધનકર્તા રહેશે.

(૧૦) શ્રી ચોવીસી મહાજનનાં બંધારણને કોઈ બાધ ન આવે અને મુળભૂતનિતિ સિવાયના સર્વ સાધારણ નિયમો તેમજ પેટા નિયમો તેમજ ધારાધોરણ કારોબારી સમિતિની સભામાં ફેરફાર કરી શકાશે.

(૧૧) શ્રી ચોવીસી મહાજન અધિવેશનમાં પાસ થયેલ ઠરાવો અને નિર્ણયો તેમજ નિતીનો અમલ કરાવવાની નૈતિક જવાબદારી ગામે ગામના કારોબારી સમિતિ સભ્યોની પણ રહેશે.

(૧૨) વાગડ વિશા ઓશવાળ જ્ઞાતિજનો તેમના વચ્ચેના સામાજિક બાબતો ને લગતા મતભેદો, સગપણ તેમજ લગ્નજીવનના વરવાંધા કે અન્ય ફરિયાદો લેખિત પ્રથમ ગામ મહાજન કે મંડળને કરવાની રહેશે. તેવા ગામ મહાજન કે મંળના નિર્ણયથી સંતોષ ન થાય તેવા જ્ઞાતિજનોએ ચોવીસી મહાજન અધિકારી બોર્ડ સમક્ષ લેખિત ફરિયાદ કરવાની રહે છે. તે બાબત પ્રમુખશ્રીની સુચનાથી જે તે ગામ મહાજન કે મંડળ પાસેથી તેણે કરેલ કાર્યવાહીની વિગતો મંગાવશે તેમજ સંબંધિત ફરિયાદ બાબત લાગતા વળગતા પક્ષકાર પાસેથી ખુલાસો માગવામાં આવશે. ત્યારબાદ બન્ને પક્ષકારોની રજૂઆતના અંતે પ્રમુખશ્રી ફરિયાદનું યોગ્ય નિરાકરણ લાવવાનું પ્રયત્ન કરશે, પરંતુ સંબંધિત બન્ને પક્ષકાર નિરાકરણથી અસંતાષ વ્યક્ત કરશે તો તેવા ફરિયાદીઓના મામલા કારોબારી સમિતિ સભા સમક્ષ વિચારણા માટે મોકલવામાં આવશે. જેમાં થયેલી કાર્યવાહી બાબત યોગ્ય નિરાકરણ કરી નિર્ણય લેવાશે. સંબંધિત નિર્ણય લાગતા વળગતા પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૧૩) સભામાં રજુ થયેલ કોઈપણ ઠરાવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક કે હિત રાખનાર વ્યક્તિને ઠરાવ પર મતદાન કરી શકશે નહિ.

(૧૪) કારોબારી સભા સંસ્થાના હિસાબોની તપાસ માટે ઓડીટરની નિમણૂંક કરશે.

(૧૬) (૧) શ્રી રવજી લાલજી છાડવા બોર્ડિંગ ભચાઉ (૨) શ્રીમતી પુનઈબેન કરસન લધુભાઈ નિસર કન્યા છાત્રાલય (૩) શ્રી વાગડ કલા કેન્દ્ર (૪) શ્રી વાગડ ગ્રેજ્યુએટ એશોશિએશન (૫) શ્રી ભરત રાયચંદ કોરશી શાહ વિશા ઓશવાળ કેળવણી ફંડ સર્વે સંસ્થા પોતાના ત્રણ-ત્રણ સભ્ય આમંત્રિત મહેમાન તરીકે કારોબારી સભામાં મોકલાવી શકશે.

## (૮) (ડી) ટ્રસ્ટ તેમજ ટ્રસ્ટીઓ

(૧) શ્રી વાગડ વિશા ઓશવાળ મહાજનના નેજા હેઠળ શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના ૧૩-૯-૧૯૮૫ રોજે કરવામાં આવેલ હતી. ટ્રસ્ટ રજીસ્ટર નં. ૧૦૮૨૨ (મુંબઈ) મુજબ રજીસ્ટર થયેલ છે અને તેનું સ્વતંત્ર બંધારણ છે તેનો વહીવટ તેના બંધારણ મુજબ જ કરવાનું રહેશે.

(૨) શ્રી કચ્છ વાગડ ખબર પત્રિકા શ્રી વાગડ વિશા ઓશવાળ જૈન મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ અથવા વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન અથવા અન્ય ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે જેનો નિર્ણય કારોબારી સભા નક્કી કરશે.

(૩) શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરીટેબલ ટ્રસ્ટમાં ઓછામાં ઓછી ૭ સાત ટ્રસ્ટીઓ રહેશે. વધુમાં વધુ ૧૫ ટ્રસ્ટીઓ રહેશે.

(૪) શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટનું સંચાલન કરવા ૧૦ ટ્રસ્ટીઓની ચૂંટણી શ્રી ચોવીસી મહાજન અધિવેશનમાં હાજર પ્રતિનિધિઓ કરશે તેમજ ચોવીસી મહાજનના પ્રમુખ પ્રમુખશ્રીની રૂએ ટ્રસ્ટી તરીકે આવશે. બાકીના ૪ ટ્રસ્ટીઓની નિમણૂંક પ્રમુખ શ્રી કરી શકશે.

(૫) ટ્રસ્ટ બોર્ડે મહાજનની મિલકતો અને ફંડોનો વહીવટ ટ્રસ્ટી ડીડના નિયમનો અને ધારાધોરણ મુજબ કરશે.

(૬) **શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટ**ના બંધારણમાં સુધારા વધારા કરવા અધિવેશન સભામાં હાજર પ્રતિનિધિઓના ૭૫ ટકા બહુમતીથી થઈ શકશે. ઉપરોક્ત ઠરાવ માટે શ્રી વાગડ વિશા ઓશવાળ ચેરિટેબલ ટ્રસ્ટ જરૂરી કાયદાકીય મંજૂરી મેળવી તેનો અમલ કરશે.

(૭) **શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટનું** સંચાલન શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન અધિકારી બોર્ડની સીધી દેખરેખ હેઠળ કરવાનું રહેશે અને ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલો સરકારી તંત્રના વર્ષ મુજબ કારોબારી સમિતિ સમક્ષ સભામાં વિસ્તાર પૂર્વક રજુ કરવાનું રહેશે. ચૂંટણીના પરિણામ બાદ શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટની પ્રથમ સભામાં અધિકારી બોર્ડની નિમણૂંક કાર્યવાહક સમિતિ તરીકે કરવામાં આવશે.

(૮) આ ટ્રસ્ટ મંડળમાં કોઈ કારણથી ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓની જગ્યા ખાલી પડશે તો તેવા સંજોગોમાં પ્રમુખશ્રી નવા ટ્રસ્ટીની વરણી કરશે સંજોગવસાત સામુહિક રાજીનામાં પાંચ કે પાંચથી વધુ આવતા નવા ટ્રસ્ટીની નિમણુંક

માટે પ્રતિનિધિ સભા દ્વારા ચૂંટણી પ્રક્રિયા દ્વારા નિર્ણય કરવામાં આવશે.

(૯) ટ્રસ્ટ બોર્ડના કોઈપણ ટ્રસ્ટીઓ નાદારીમાં નામ આવતાં કે રાજીનામું આપતાં કે અવસાન થતાં અને સતત ત્રણ મિટીંગમાં ટ્રસ્ટ બોર્ડની મંજૂરી વગર ગેરહાજર રહેતાં ટ્રસ્ટનાં પદ પરથી આપોઆપ રદ થયેલા ગણાશે.

## (૮) (ઈ) શિસ્તપાલન સમિતિની રચના અને ફરજો

(૧) શિસ્તપાલન સમિતિની રચના પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવશે.

(૨) શિસ્તપાલન સમિતિની રચના પ્રમુખશ્રીની તેમજ અધિકારી બોર્ડની ચૂંટણી બાદ ચૂંટાયેલા પ્રમુખશ્રીએ પ્રથમ મળનારી કારોબારી સભામાં કરવાની રહેશે.

(૩) શિસ્તપાલન સમિતિની મુદત પાંચ વર્ષની રહેશે. અથવા નવી સમિતિની નિમણુંક બન્યા સુધી મુદત રહેશે.

(૪) પ્રમુખશ્રી સિવાય ૧૬ સભ્યોની શિસ્તપાલન સમિતિ બનાવવાની રહેશે. જેમાં ૪ મહિલા સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

(૫) શિસ્તપાલન સમિતિની ભલામણ અનુસાર દોષિત ઠરેલ વ્યક્તિ સામે શિસ્તભંગના પગલાં અધિકારી બોર્ડના અધિકારીઓએ લેવાના રહેશે.

## (૯) શિસ્તપાલન સમિતિની સત્તા અને ફરજો

(એ) પ્રથમ વખત બંધારણમના નિયમોના ભંગ માટે ઓછામાં ઓછા એક વર્ષ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવા માટે અધિકારી બોર્ડને ભલામણ કરી શકશે.

(બી) એ જ વ્યક્તિ ફરીથી બંધારણના નિયમોનો ભંગ કરશે તો ઓછામાં ઓછી ૩ વર્ષ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવા માટે અધિકારી બોર્ડને ભલામણ કરી શકશે.

(સી) તેમજ એ જ વ્યક્તિ ફરીથી ત્રીજી વખત બંધારણના નિયમોનો ભંગ કરશે તો ઓછામાં ઓછી ૬ વર્ષ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવા માટે અધિકારી બોર્ડને ભલામણ કરી શકશે.

(ડી) કોઈ સભ્ય ઈરાદાપૂર્વક શ્રી ચોવીસી મહાજનના બંધારણના નિયમોનો ભંગ કરશે તો એવી વ્યક્તિ કાયમ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવાની ભલામણ અધિકારી બોર્ડને કરી શકશે.

(ઈ) છૂટાછેડાના કેસમાં જે કોઈ પાત્ર (યુવક/યુવતી) દોષી માત્ર હશે તેમને

વધારેમાં વધારે ૩ વર્ષ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવાની ભલામણ અધિકારી બોર્ડને કરી શકશે.

(એફ) સગપણ તોડવા માટે જે કોઈ પાત્ર (યુવક/યુવતી) દોષી પાત્ર હશે તેમને વધારેમાં વધારે ૧ વર્ષ માટે શ્રી ચોવીસી મહાજનના સભ્યપદેથી દૂર કરવાની ભલામણ અધિકારી બોર્ડને કરી શકશે.

(જી) કોઈપણ વ્યક્તિ શિસ્તભંગ કરનારને છાવરનાર કે સાથસહકાર આપવામાં જે વ્યક્તિ દોષી પાત્ર પુરવાર થશે તે માટે પણ શિસ્તપાલન સમિતિ સરખા જ પગલા ભરી સભ્યપદેથી દૂર કરવાની ભલામણ અધિકારી બોર્ડને કરી શકશે.

(એચ) શિસ્તપાલન સમિતિના પગલા/કાર્યવાહી માટેની ભલામણ સામે કોઈપણ દોષીપાત્ર વ્યક્તિ કારોબારી સમક્ષ પોતાનો કેસ ફેરવિચારણા માટે (અપિલ) અરજી કરી શકશે.

(આઈ) કારોબારી સમિતિનો જે કંઈ પણ નિર્ણય આવે તે પણ મંજૂર ના હોય તો જનરલ અધિવેશન સભામાં પોતાનો કેસ ફેરવિચારણા માટે (અપિલ) કરી શકશે.

## (૧૦) બંધારણ

(૧) બંધારણમાં સમયની જરૂરિયાત અનુસાર સુધારા કરવાં ધારેલા સૂચિત ફેરફારોના નિર્દેશ (માહિતી) સાથેનું પરિપત્રની જાણ દરેક ગામ મહાજનને અધિવેશન સભાની ૧૫ દિવસ પહેલાં મોકલવાનું રહેશે. પ્રતિનિધિ સભાની જાણ પ્રતિનિધિઓને ખબર પત્રિકા દ્વારા અથવા ડિજિટલ માધ્યમ દ્વારા ૧૫ દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

(૨) બંધારણમાં સુધારા અધિવેશનમાં કે સામાન્ય સભામાં (જનરલ સભા)ના હાજર પ્રતિનિધિઓના ૭૫ ટકા બહુમતીથી થઈ શકશે.

## (૯) ચૂંટણી

(૧) પ્રમુખશ્રી, અધિકારી બોર્ડ, પ્રતિનિધિ અધિવેશન સભાની, કારોબારી સમિતિના સભ્યોની મુદત પાંચ વર્ષની રહેશે.

(૨) અધિકારી બોર્ડની મુદત પૂરી થતા અગાઉ પ્રમુખશ્રી તથા અધિકારી બોર્ડની લોકશાહી ઢબે ગુપ્ત મતદાનથી ચૂંટણી ઓછામાં ઓછી એક મહિના પહેલા જાહેર કરવાની રહેશે.

(૩) જે આજીવન સહાજિક મતદાર સભ્યો ચૂંટણી જાહેર થવાના ત્રણ મહિના

પહેલા મતદાર યાદીમાં જે તે ગામ-મહાજન કે મંડળ દ્વારા મતદાતા તરીકે નામ નોંધણી થયેલ હશે અને જેની યાદી શ્રી ચોવીસી મહાજન કાર્યાલયને સુપરત કરેલ હશે તે જ સભ્યો ઉમેદવારી નોંધાવી શકશે તેમજ તે મતદાર સભ્યો મતદાન કરી શકશે.

(૪) એક વ્યક્તિ ફક્ત એક જ હોદ્દા માટે ઉમેદવારી નોંધાવી શકશે.

(૫) ચૂંટણીની જાહેરાત ચોવીસી મહાજન કાર્યાલયમાંથી મુદત પૂરી થવાથી એક મહિના પહેલા શ્રી કચ્છ વાગડ ખબર પત્રિકાના માધ્યમથી અથવા અન્ય જાહેર માધ્યમથી જાહેરાત કરવાની રહેશે.

(૬) ચૂંટણીની જાહેરાતથી ૭ દિવસની અંદર મતદાર યાદી ચોવીસી મહાજનના કાર્યાલયમાં ડિજિટલ રૂપે રાખવાની રહેશે.

(૭) અધિકારી બોર્ડે નક્કી કરે તેવી ચોવીસી મહાજનના સભ્યની અથવા ખાસ સંજોગોમાં બહારની વ્યક્તિને સમયની જરૂરિયાત અનુસાર એક (૧) મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે એને બે (૨) સહાયક ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરી શકાશે.

(૮) પ્રમુખશ્રી અને અધિકારી બોર્ડ માટેના ઉમેદવારી કરનાર ઉમેદવારોએ ફોર્મના રૂપિયા ૧૦૦.૦૦ (અંકે રૂપિયા સૌ પૂરા) તેમજ અનામત (ડિપોઝિટ) રૂપિયા ૧૦૦૦૦.૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ફોર્મ સાથે ભરી સંપૂર્ણ વિગત સાથે ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી નોંધાવી શકાશે.

(૯) અધૂરી વિગત સાથેના ઉમેદવારી ફોર્મ રદ્બાતલ કરવાની સત્તા ચૂંટણી અધિકારી કરી શકશે.

(૧૦) મત પત્રકમાં જરૂરિયાતથી વધુ કે ઓછા મત અપાયા હશે તો તેવા મત પત્રક રદ ગણવામાં આવશે.

(૧૧) જરૂરિયાતથી વધુ ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે તો જ ચૂંટણી કરવાની જરૂર રહેશે. અન્યથા ચૂંટણી અધિકારીઓ ઉમેદવારોને બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરી શકશે.

(૧૨) ચૂંટણી પ્રક્રિયાને લગતું તમામ સાહિત્ય ચૂંટણી પ્રક્રિયા પરીપૂર્ણ થયા બાદ ૧૫ દિવસ બાદ નાશ કરી શકાશે.

(૧૩) ચૂંટણી દરમિયાન કોઈપણ વિવાદાસ્પદ ઘટના બાબત ચૂંટણી અધિકારીનો નિર્ણય સર્વમાન્ય ગણાશે. જે સૌ કોઈ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૧૪) જે ઉમેદવારોને ચૂંટણીમાં થયેલ એકંદર મતદાનમાં ૧૦ ટકાથી ઓછા મત મળ્યા હશે એમની અનામત (ડિપોઝીટ) શ્રી ચોવીસી મહાજનમાં જમા થશે.

(૧૫) ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સમયની માગ અનુસાર નિમણૂક થયેલ મુખ્ય ચૂંટણી અધિકારી ચૂંટણી માટેના નિયમો બનાવી શકશે. ચૂંટણી ખર્ચ,

મિટિંગ બાબત, પત્રિકા જાહેરાત બાબત સર્વે પ્રકારના નિયમો બનાવી શકશે. ઉમેદવારી પત્રક ભરવાની તારીખના સાત દિવસ અગાઉ ચૂંટણીનાં આચારસંહિતાનાં નિયમો બનાવી જાહેર કરશે.

(૧૬) શ્રી ચોવીસી મહાજન /અધિકારી બોર્ડનાં પદ માટે ચૂંટણીની જાહેરાત મિટીંગો, વર્તમાનપત્ર કે ખબર પત્રિકા અને ડિજિટલ માધ્યમ દ્વારા પ્રચાર કરનાર વ્યક્તિએ/ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસેથી અગાઉ થી લેખિત મંજૂરી મેળવી લેવી. મંજૂરી વગર ચૂંટણી પ્રચાર કરનાર ઉમેદવારનું ચૂંટણી પરિણામ/ઉમેદવારી પત્રક રદ કરવાની સત્તા ચૂંટણી અધિકારીને રહેશે.

## (૧૨) ગામ મહાજન કે મંડળ અધિવેશન અને કારોબારી સભ્યોની ચૂંટણી પ્રક્રિયા

(૧) ગામ મહાજન કે મંડળ પોતાના ગામના ૧૮ વર્ષ પૂરા કરનાર જ્ઞાતિજન સ્ત્રી/પુરૂષને શ્રી ચોવીસી મહાજનનાં બંધારણ કલમ (૫-૨) અને (૫-૩) અનુસાર વખતોવખત નક્કી કરેલ મહાજનના ધારાધોરણ મુજબ આજીવન સભ્ય બનશે.

(૨) આજીવન મતાધિકારી સભ્યોની સંખ્યાના ૧૦ ટકા સભ્યોને લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયાથી શ્રી ચોવીસી મહાજનના અધિવેશન સભાના પ્રતિનિધિ તરીકે મોકલી શકશે, જેની યાદી શ્રી ચોવીસી મહાજનના કાર્યાલયમાં મોકલવાની રહેશે.

(૩) તે જ રીતે અધિવેશન સભાના પ્રતિનિધિ સંખ્યાના ૧૦ ટકા સભ્યોને લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયાથી શ્રી ચોવીસી મહાજનની કારોબારી સભાના પ્રતિનિધિ તરીકે મોકલી શકશે જેની યાદી શ્રી ચોવીસી મહાજનના કાર્યાલયમાં મોકલવાની રહેશે.

(૪) અધિવેશન સભાના પ્રતિનિધિ અને કારોબારી સભાના પ્રતિનિધિની મુદત પાંચ વર્ષની રહેશે.

## (૧૩) સામાજિક રીત રિવાજો

(૧) અવેજવિધિ સદંતર બંધ કરવામાં આવે છે.

(૨) સગાઈની ટોપરાવિધિ (ચાંદલાવિધિ) શક્ય હોય તો તેટલી સાદાઈથી અથવા યથાશક્તિ ઈચ્છા અનુસાર ઉજવી શકાશે.

(૩) વેવાઈઓના છાંટણા કરવાની રીત રસમ મુજબ વર પક્ષના માવતર કન્યા પક્ષના માવતરને ચુમાલી લેખાના રીત રિવાજ મુજબ રૂા. ૧૦૧/- અથવા

ચાંદીનો સિક્કો આપી શકશે.

(૪) કોઈપણ પ્રસંગે કોઈ જ્ઞાતિજન ખુશીથી લાણી કરવાની હોય તો જે તે ગામના મહાજનના / મંડળના રીત રિવાજ મુજબ લાણી કરી શકશે.

(૫) લગ્ન પ્રસંગ ભલે અંગત પ્રસંગ હોય અને દરેકને ઉજવવાની હોશ હોય તે સ્વાભાવિક છે. છતાં લગ્ન પ્રસંગ એ અંગત પ્રસંગની સાથેસાથે સામાજિક પ્રસંગ પણ છે. માટે આવા પ્રસંગે દેખાદેખી કે ખોટા દેખાડા કે ખોટા ભપકાથી વ્યક્તિગત તેમજ સરવાળે સમાજની શક્તિ તથા સમયનો વ્યય થાય છે. તો ખોટા પ્રદર્શનોથી દૂર રહી વિવેકબુદ્ધિથી શુભ મંગલ પ્રસંગ ઉજવવાની જ્ઞાતિજનોને અપીલ સાથે વિનંતી કરે છે.

(૬) શુભ લગ્ન પ્રસંગોને જાનનું વાજતે ગાજતે સામૈયું કરી શકાશે.

(૭) જાનના સામૈયા વખતે કરાતી ઘોર (રૂપિયાની) કરવી નહીં. (કેટલીવાર ઉત્સાહના અતિરેકમાં અસામાજિક તત્ત્વો ફાયદો ઉઠાવે છે).

(૮) પ્રેત ભોજન સદંતર બંધ કરવામાં આવેલ છે. પરંતુ ગામ મહાજન તેમની રીતે સ્વામીવાત્સલ્ય અને ગામ જમણવાર પોતાના નિયમ અનુસાર સ્વીકારી શકશે તેમજ અવસાન પામનાર વ્યક્તિ નિમિત્તે ભેટ આપવા ઈચ્છતી વ્યક્તિ ગામ મહાજનના નિયમાનુસાર આપી શકશે.

## (૧૪) શુભ લગ્ન પ્રસંગે ખોળા ભરવાની સામાજિક પરંપરા

(૧) શુભ લગ્ન પ્રસંગોએ ખોળા ભરવાની મહાજન પરંપરા અનુસાર પ્રથમ રૂા. ૫૦૦/- રૂપિયા દહેજના વરપક્ષ પાસેથી ઉઘરાવી કન્યા પક્ષને આપવાનો રિવાજ જેમ છે તેમ ચાલુ રહે છે.

(૨) શ્રી ચોવીસી મહાજનના વર તથા કન્યા પક્ષ પાસેથી ફરજીયાત લાગાના રૂા. ૫૦૦/- ઉઘરાવવાના રહેશે. કન્યા પક્ષના રૂપિયા ગામ મહાજન - મંડળ પાસે રહેશે. વર પક્ષે ચોવીસી મહાજનમાંથી રસીદ મેળવી લેવી. બંન્ને વર કન્યા પક્ષે ચોવીસી મહાજનમાં લગ્ન પત્રિકા સાથે ચોવીસી મહાજન કાર્યાલયમાં રજીસ્ટર કરાવી સામાજીક લગ્ન સર્ટિફિકેટ મેળવી લેવું.

(૩) જે તે ગામ મહાજન કે મંડળો પોતપોતાના ગામની સંસ્થાઓ માટે ગામના નિયમો મુજબ વર-કન્યા પક્ષ પાસેથી યથાશક્તિ યોગ્ય અનુદાન મહાજનની મોદ પર માગી શકશે.

(૪) ખોળા ભરવાની મોદ પર ગામ મહાજન કે મંડળો પોતાના ગામની સંસ્થાઓ પછી ચોવીસી મહાજન દ્વારા સ્થાપના કરવામાં આવેલ સંસ્થાઓ અને વાગડ સમાજની સંસ્થા જેવી કે (૧) શ્રી વાગડ વિશા

ઓશવાળ ચોવીસી મહાજન ચેરિટેબલ ટ્રસ્ટ (૨) શ્રી રવજી લાલજી છાડવા બોર્ડિંગ ભચાઉ (૩) શ્રીમતી પુનઈબેન કરસન લઘુભાઈ નિસર કન્યા છાત્રાલય (૪) શ્રી વાગડ કલા કેન્દ્ર (૫) શ્રી વાગડ ગ્રેજ્યુએટ એશોશિએશન (૬) શ્રી ભરત રાયચંદ કોરશી શાહ વિશા ઓશવાળ કેળવણી ફંડ. આ સંસ્થાઓ વતીથી યથાશક્તિ અનુદાન મેળવી ખોળામાં ઉઘરાવેલ રૂપિયા જે તે સંસ્થાઓને મોકલી આપવાની ફરજ ગામ મહાજન / મંડળની રહેશે. ખોળા ભર્યા બાદ અન્ય સંસ્થાઓને સ્વૈચ્છિક અનુદાન આપી શકાશે.

## (૧૫) સમાજની મૂળભૂત નીતિ

(૧) આંતર જ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવું નહિ. (બંધારણ કલમ ૧૫(૫) સિવાય)

(૨) કાયદા વિરૂદ્ધ છૂટાછેડા લેવા નહીં.

(૩) સબળ કારણ વગર સગપણ (સગાઈ) તોડવા નહીં.

(૪) વાગડ વિશા ઓશવાળ સમાજમાં દહેજ લેવાનો કે આપવાનો બિલકુલ રિવાજ નથી.

(૫) બેટી વહેવાર કચ્છ વાગડ, કચ્છ કંઠી, અબડાસા અને હાલાર વિશા ઓશવાળ કે કચ્છી દશા ઓશવાળ નાની નાત અને મોટી નાતની જ્ઞાતિઓમાં કરી શકાશે.

(૬) કોઈ સબળ કારણસર થયેલ સગપણ રદ (ફોક) કરવું હોય તો શ્રી ચોવીસી મહાજનની લેખિત સંમતિથી કરી શકાશે. એ બાબતની લેખિત અરજી ચોવીસી મહાજનને આપવાની રહેશે. આ અરજી ચોવીસી મહાજનને મળ્યા બાદ અરજીનું નિકાલ એક મહિનામાં કરી આપવું અને કોઈ કારણ વસાત તેવી અરજીઓની મુદત લંબાવવાની જરૂર પડે તેવી મુદત ચોવીસી મહાજનનું અધિકારી બોર્ડ વધુમાં વધુ બીજા એક મહિનાની મુદત લંબાવી શકશે.

## (૧૬) વિસર્જન

કોઈ કારણોવસાત આ સંસ્થાનું અસ્તિત્વ બંધ થાય ત્યારે સામાન્ય સભામાં 3/૪ બહુમતીથી નિર્ણય લઈ બંધ કરી શકશે. અને તે સમયે સંસ્થા હસ્તક રહેતી રોકડ, જંગમ, સ્થાવર મિલ્કતો સમાન ઉદ્દેશો ધરાવતી અન્ય સંસ્થા કે સંસ્થાઓને સુપ્રત કરવામાં આવશે.

શ્રી જ્ઞાતિજનો જોગ,

વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજનની મુળભૂતનિતિએ સમાજ વ્યવસ્થાનું મુલ્ય સંસ્કૃતિ અને સંસ્કારો સચવાય તેમજ આપણી ભાવી પેઢીમાં સમાજ સંગઠન અને સમાજ વ્યવસ્થા વિશે જાગૃત રહે તે ભાવનાથી બનાવેલ છે. એટલે સમાજની મુળભૂતનિતિ પ્રત્યે વફાદાર રહી આપણી સૌ જ્ઞાતિજનોની પવિત્ર અને નૈતિક ફરજ સમજી તેનાં અમલ કરવો જોઈએ.

**લી. અધિકારી ગણ**

**વા.વી.ઓ.ચો.મહાજન**